ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૭-૦૭-૨૦૨૨

- **આવતી કાલે ૩૩ જીલ્લા મથકે બક્ષીપંચ સમાજના હક્ક - અધિકાર માટે કોંગ્રેસ પક્ષના બક્ષીપંચ વિભાગ દ્વારા આવેદનપત્ર અપાશે.**
- **તા. ૮મી જુલાઈના રોજ બપોરે ૦૨-૦૦ કલાકે બક્ષીપંચ સમાજના સામાજીક આગેવાનો, ધારાસભ્યો સહિત આગેવાનોની ઉપસ્થિતીમાં ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે અગત્યની બેઠક**
- **૧૨મી જુલાઈના રોજ કોંગ્રેસ પક્ષના બક્ષીપંચ વિભાગના પદાધિકારીઓની રણનીતિ ઘડવા તાકીદની બેઠક યોજાશે.**

ભાજપ સરકારની બક્ષીપંચ વિરોધી નીતિ અનામત નાબૂદ કરવાની નીતિ સામે રાજ્ય વ્યાપી કાર્યક્રમોની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આવતી કાલે ૩૩ જીલ્લા મથકે બક્ષીપંચ સમાજના હક્ક - અધિકાર માટે કોંગ્રેસ પક્ષના બક્ષીપંચ વિભાગ દ્વારા આવેદનપત્ર અપાશે. તા. ૮મી જુલાઈના રોજ બપોરે ૦૨-૦૦ કલાકે બક્ષીપંચ સમાજના સામાજીક આગેવાનો, ધારાસભ્યો સહિત આગેવાનોની ઉપસ્થિતીમાં ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે અગત્યની બેઠક યોજાશે. ૧૨મી જુલાઈના રોજ કોંગ્રેસ પક્ષના બક્ષીપંચ વિભાગના પદાધિકારીઓની રણનીતિ ઘડવા તાકીદની બેઠક યોજાશે. ભાજપ સરકારે નામદાર અદાલતમાં ઓ.બી.સી. અનામત બેઠકો માટે પક્ષ ન રજુ કરતા બક્ષીપંચ સમાજના પંચાયતોમાં હક્ક છીનવાશે. ભાજપ સરકારની બક્ષીપંચ વિરોધી નીતિ – અનામત નાબૂદ કરવાની નીતિ ખુલ્લી પડી. રાજ્ય ચૂંટણી આયોગના સચિવશ્રી દ્વારા તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને પત્ર લખેલ છે તે મુજબ ગુજરાતમાં હવેથી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પંચાયત અધિનિયમ-૧૯૯૩ થી અમલમાં રહેલા અન્ય પછાત વર્ગો (OBC) માટે ૧૦ ટકા બેઠકો અનામત રહેશે નહીં. OBC અનામત રહેલી મહિલા અનામત સહિતની બેઠકોને સામાન્ય બેઠકમાં જાહેર કરીને ચૂંટણી જાહેરનામા સંબંધિત તાત્કાલિક કાર્યવાહી કરવા આદેશ કરાયા છે. છ માસ જેટલો સમય વીતી જવા છતાં ગુજરાત સરકારે OBCને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં રીઝર્વેશન મળે તે માટે કમિશન રચીને વસ્તીના આધારે માપદંડો નક્કી કરવા કોઈ કાર્યવાહી કરેલ નથી. રાજ્ય સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટના આદેશને છ માસ જેટલો સમય થયો હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરતાં અંતે ગુજરાતમાં આશરે ૩,૨૫૨ ગ્રામ પંચાયતોમાં ૧૦ ટકા OBC અનામતનો લાભ મળશે નહીં અને OBC સમાજને તેનો ભોગ બનાવવામાં આવશે.

રાજ્યમાં કુલ વસ્તીના ૫૨ ટકા જેટલી OBC સમાજની વસ્તી છે. રાજ્ય સરકારના નિર્ણયના કારણે OBC સમાજનું પ્રતિનિધિત્વ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાંથી દૂર થશે. રાજ્ય સરકારના આવા તઘલખી નિર્ણયનો ભોગ OBC સમાજ બનશે. આવા નિર્ણયો કરીને રાજ્ય સરકાર OBC સમાજને હાંસિયામાં ધકેલી દેવા માંગે છે કે કેમ ? અનામત નાબૂદ કરવાની ભાજપાની નીતિ સામે આક્રમકતાથી લડત અપાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા